| | | | |
|---|---|---|---|
| રજુ તારીખઃ | ૧૦–૧૦–૨૦૨૨ | | |
| દાખલ તારીખઃ | ૧૦–૧૦–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખઃ | ૩૦–૦૫–૨૦૨૩ | | |
| **અવધિઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૭** | **૨૦** |

---

**મ્હે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં,મુ.નલીયા–કચ્છ.**

---

**ફોજદારી કેસ નં.૮૭૦/૨૦૨૨**
**આંકઃ–૦૯/બી**

શ્રી સરકાર ...**ફરીયાદી.**

**વિરુધ્ધ**

**મનજી મુળજી મહેશ્વરી,**
ધર્મેઃહિન્દુ, ઉ.વ.૩૫, વ્યવસાયઃમજુરી,
રહે.વાંકુ, તા.અબડાસા–કચ્છ. **...આરોપી.**

---

**ગુન્હોઃ–** આઈ.પી.સી.ની કલમ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબ.

---

---

ફરીયાદ પક્ષ તર્ફે **વિદ્વાન એ.પી.પી.શ્રી એન.જે.પુજારા.**
બચાવપક્ષ તર્ફે **વિદ્વાન વકીલશ્રી એલ.એલ.કટુઆ.**

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ કલાક ૦૮:૦૦ ના અરસામાં ગામ–વાંકુ મધ્યે આરોપીએ આ કામેના ફરીયાદીને રસ્તામાં રોકી ધક બુશટનો માર મારી મા–બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની

ધમકી આપી, તમો આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

**(૨)** જે ફરીયાદ ફરીયાદી લઘભાઈ શંકરભાઈ મહેશ્વરી નાઓએ તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ જાહેર કરતા તેને જખૌ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૫૦૧૭૨૨૦૦૪૧/૨૦૨૨ મુજબના ગુનાથી નોંધી, આ કામની તપાસ જેતે તપાસ કરનાર અધિકારીને સોંપતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસને અંતે તેઓએ હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરતા સદરહું કેસની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૩)** સદર ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઈ આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે. તે બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૨૦૭ અન્યવે આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હતી. ગુન્હા અંગે કરવામાં આવેલી સજાની જોગવાઈઓ ધ્યાને લેતા હાલનો કેસ વોરંટ ટ્રાયબલ કેસ હોઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૨૪૦(૧) અન્યવે સબબનું તહોમતનામું આંક-૦૪ થી ફરમાવી તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૨૪૦(૨) અન્વયે પ્રશ્નો પુછી આરોપીનું નિવેદન આંક-૦૫ થી નોંધવામાં આવતા જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરુ કરવામાં આવી હતી.

**(૪)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ-**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી લઘાભાઈ શંકરભાઈ મહેશ્વરીની જુબાની. | ૦૬ |

**દસ્તાવેજી પુરાવોઃ-**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૭ |

**(૫)** આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરી આંક–૦૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતુ ન હોઈ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬)** ફરીયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી દલીલો માટે હાજર રહેલ નથી તથા બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રીની દલીલો સાંભળી.

**(૭)** સદરહુ કેસના ન્યાયીક નીકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

**(૧)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ કલાક ૦૮:૦૦ ના અરસામાં ગામ–વાંકુ મધ્યે આરોપીએ આ કામેના ફરીયાદીને રસ્તામાં રોકી ઘક બુશટનો માર મારી મા–બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ઘમકી આપી, તમો આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ

(૮) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયઃ–</u>** **(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

## **–:: નિર્ણય માટેના કારણો ::–**

**(૯)** આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીક્યુસન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની થાય છે. આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. આ કામના આરોપીઓ સામે આઈ.પી.સી.ની કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ શિક્ષાને પાત્ર એવા ગુન્હાનો આક્ષેપ છે. જે માટે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

**(૧૦)** સદર કામે આંક–૦૬ થી ફરીયાદી લઘાભાઈ શંકરભાઈ મહેશ્વરી સોગંદ પર જુબાની આપી તેમના પુરાવામાં જણાવે છે કે, આજથી એકાદ વર્ષ અગાઉ તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી, જે બાબતે તેઓએ આવેશમાં આવી પોલીસમાં ફરીયાદ આપેલી. તેમને અદાલતમાં રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા ફરીયાદી તરીકે તેમની સહી ઓળખે છે. જે આંક–૦૭ થી રજુ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને આરોપી સાથે રાજી ખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળા ગાળી કરેલ નથી. આરોપીએ તેમને કોઈ માર મારેલ નથી.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચાઃ–</u>**

**(૧૧)** ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોક્ત પુરાવો લક્ષમાં લેતા ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે ફરીયાદ પક્ષે ફરીયાદમાં કરેલ આક્ષેપો શંકા રહીત પુરવાર કરવા જોઈએ અને તે બને તો જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અન્યથા નહી.

**(૧૨)** સદર કામે આંક–૦૬ થી આ કામના ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો તેમના પુરાવામાં આંક–૦૭ થી ફરીયાદ રજુ થવા પામેલ છે. સદર કામે ફરીયાદીના

પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલ અને બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવે છે. જે બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલાનું જણાવ છે. તે સિવાય ગુનાલક્ષી કોઈપણ હકીકતો તેમના પુરાવામાં જણાવતા નથી. સદર ફરીયાદીની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે, તેમને આરોપી સાથે રાજી ખુશીથી ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળા ગાળી કરેલ નથી. આરોપીએ તેમને કોઈ માર મારેલ નથી. આમ, સદર ફરીયાદીના સમગ્ર પુરાવાથી આંક-૦૭ થી રજુ થયેલ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો બનેલ હોવાનું માની શકાય નહી જેથી આંક-૦૭ ની ફરીયાદને માનીને આરોપીને સજા કરી શકાય નહી તેવું અત્રેની અદાલતનું માનવું છે.

**(૧૩)** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોક્ત સાહેદોના પુરાવા જોવામાં આવે તો આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે રાજીખુશીખી ઘરમેળે સમાધાન થઈ ગેયલ છે. સદર કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો આ કામે આંક-૦૮ થી રજુ સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી રજુ થયેલ છે અને ઉપરોક્ત સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલને સહી પુરતો આંક આપવામાં આવે અને પુરાવામાં વંચાણે લેવામાં આવો તો વાંધો ન હોવાનું બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉપરોક્ત સ્થાનીક જગ્યાના પચંનામાની ખરી નકલમાં શેરો કરેલ છે. જેથી આંક-૦૮ થી રજુ સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ પુરવાર થયેલ છે પરંતુ જ્યારે ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપતા ન હોય ત્યારે તે પંચનામાને માનીને આરોપીને સજા કરી શકાય નહી.

**(૧૪)** ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ જો સાબીત

કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીઓને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી **મનજી મુળજી મહેશ્વરી,** ધર્મેઃહિન્દુ, ઉ.વ.૩૫, વ્યવસાયઃમજુરી,રહે.વાંકુ, તા.અબડાસા-કચ્છ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકો અપીલ સમય સુધી સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૩૦મી, માહે-મે, સને-૨૦૨૩** ના રોજુ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ- નલીયા-કચ્છ.
તારીખઃ-૩૦/૦૫/૨૦૨૩

**(એ.એમ.શુકલા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
નલીયા-કચ્છ.
કોડ નં.જી.જે.૦૧૩૬૪

// H.N.B //